શહેરના ૧૪૮ વિદ્યાર્થીઓ એ-વન ગ્રેડમાં

મેરી ક્રિસમસ : નાતાલની પૂર્વ સંધ્યાએ શહેરના ખ્રિસ્તી પરીવારોમાં ઉજવણીનો ઉલ્લાસ અનુભવાતો હતો. શહેરના દેવળોમાં રોશની ઝળહળતી હતી અને પૂર્વ સંધ્યાએ સેક્ટર-૨ ૩ ચર્ચ દ્વારા શાંતિ યાત્રાનું આયોજન પણ કરાયું હતું. શહેરના ચર્ચોમાં નાતાલ પર્વે સવારે પ્રાર્થના સભાઓ યોજાશે. નાતાલનો ઉલ્લાસ શહેરના ખ્રિસ્તી પરીવારો ઉપરાંત હોટલો અને ક્લબોમાં પણ દેખાય છે. (તસવીર : કશ્યપ નિમાવત)

શહેરના ૧૪૮ વિદ્યાર્થીઓ એ-વન ગ્રેડમાં

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૩માં જિલ્લાના ૧૭૬ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ પ્રાપ્ત કર્યો : ગાંધીનગર કેન્દ્ર મોખરે : જિલ્લામાંથી ૫૬૭૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ૩૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરહાજર રહ્યા

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત ઓકટોબર ૨૦૧૫માં લેવાયેલી વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૩ની પરીક્ષાનું આજે પરિણામ જાહેર થયું હતું. જેમાં ગાંધીનગર જિલ્લામાંથી ૧૭૬ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો છે. જિલ્લામાંથી ૫૬૭૬ વિદ્યાર્થીઓએ સેમેસ્ટર-૩ની પરીક્ષા આપી હતી.

શિક્ષણ બોર્ડ દ્વારા ગત ઓકટોબર મહીનામાં લેવાયેલી વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૩ની પરીક્ષાનું આજે પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓની ઈન્તજારીનો અંત આવ્યો હતો. બોર્ડ દ્વારા સવારે વેબસાઈટ પર પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લામાંથી પણ સેમેસ્ટર-૩ની પરીક્ષાને અનુલક્ષી ૫૭૦૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જયારે આ પૈકી ૫૬૭૬ વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં હાજરી આપી હતી. જિલ્લામાંથી ૧૭૬ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડમાં સ્થાન મળ્યું છે. જયારે ૫૨૩ વિદ્યાર્થીઓએ એ-૩ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. જિલ્લાના ૮૨૬ વિદ્યાર્થીઓને બી-વન તેમજ ૧૨૨૦ને બી-૩ ગ્રેડ મળ્યો છે. જયારે અન્ય વિદ્યાર્થીઓનો સી-વન થી ઈ-૩ કેટેગરીમાં સમાવેશ થયોછે. કેન્દ્ર મુજબ પરિણામની વાત કરીએ તો ગાંધીનગર કેન્દ્ર પરથી નોંધાયેલા ૩૮૭૬ વિદ્યાર્થીઓ પૈકી ૩૮૫૯એ પરીક્ષા આપી હતી. આ પૈકી ૧૪૮ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ મેળવ્યો છે. જયારે ૪૨૧ વિદ્યાર્થીઓનો એ-૩ ગ્રેડમાં સમાવેશ થયો છે. ચાંદખેડા કેન્દ્રમાં ૬૨૪ નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી ૬૧૭ એ પરીક્ષા આપી હતી જયારે ૧૬ વિદ્યાર્થીઓ એ-વન ગ્રેડમાં ઉત્તીર્ણ થયા છે. આ ઉપરાંત કલોલમાંથી ૭૦૧ વિદ્યાર્થીઓએ સેમેસ્ટર-૩ની પરીક્ષા આપી હતી જેમાં ૯ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડમાં સ્થાન મળ્યું છે. જયારે માણસા કેન્દ્ર પરથી ૫૦૪ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. આ પૈકી ૪૯૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ મુજબ માત્ર ૩ ને જ એ-વન ગ્રેડ પ્રાપ્ત થયો છે. કેન્દ્ર મુજબના પરિણામમાં સૌથી વધુ ગાંધીનગર કેન્દ્રના ૧૪૮ વિદ્યાર્થીઓ એ-વન ગ્રેડમાં પાસ થયા છે. આમ ગાંધીનગર કેન્દ્ર પરિણામની દૃષ્ટિએ જિલ્લામાં મોખરે રહ્યું છે.

કઈ શાળાના કેટલા વિદ્યાર્થીઓ એ-વનમાં

સહજાનંદ સ્કુલ ઓફ અચિવર સરગાસણ	૫૦
ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ	૨૫
વેદ ઈન્ટરનેશનલ સ્કુલ	૯
સ્કુલ ઓફ અચિવર, કુડાસણ	૯
શેઠ સી.એમ. હાઈસ્કુલ	૯
સે-૨૧ માઉન્ટ કાર્મેલ સ્કુલ	૬
કીખ્ના સ્કુલ ઓફ સાયન્સ	૫
એમ.બી. પટેલ-કડી કેમ્પસ	૨
ગુરૂકુળ વિદ્યાલય	૨
સે-૨૩ આર.સી. પટેલ સ્કુલ	૧
સે-૨૩ આર.જી. પટેલ સ્કુલ	૧

ગેરરીતિ બદલ ૬ વિદ્યાર્થીઓનું એક વિષયનું પરિણામ રદ

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઓકટોબર ૨૦૧૫માં લેવાયેલી વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૩ની પરીક્ષામાં રાજયમાંથી કુલ ૧,૩૩,૨૯૬ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. જયારે પરીક્ષા દરમિયાન થતી ગેરરીતી અટકાવવા બોર્ડ દ્વારા લેવાયેલા પગલા અન્વયે કુલ ૧૩ ગેરરીતિના કિસ્સાઓ ધ્યાને આવ્યા હતા. ગેરરીતીના ૧૩ કેસ દાખલ થયા હતા. આ પૈકી બોર્ડ દ્વારા ૬ વિદ્યાર્થીઓનું એક વિષયનું પરિણામ રદ કરવામાં આવ્યું છે. જયારે બાકીના ૭ વિદ્યાર્થીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે.

પંચાયતની સમિતિઓની રચના માટે જાન્યુઆરીમાં ખાસ સભા બોલાવાશે

ગાંધીનગર, તા. ૨૪

નવરચિત ગાંધીનગર જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની રચના અને સત્તાસોંપણી અંગે ૧૫મી જાન્યુઆરી બાદ ખાસ સામાન્ય સભા યોજી કરવામાં આવશે.

ચૂંટણીની આચાર સંહિતાને પગલે પંચાયતની વૈવિધ્યસભર વિકાસની કામગીરી જે અટકી પડી છે. તેને પુનઃ કાર્યરત કરવા માટે સમિતિઓની રચના કરવી જરુરી છે.

૨૨મી એ જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થઈ છે. હવે સમિતિઓની રચના અંગેની કવાયત આગામી સપ્તાહથી આરંભાશે.

મળતી વિગતો પ્રમાણે સોમવારે નવનિયુક્ત રામાજી ઠાકોર પંચાયતના પ્રમુખ તરીકેનો સત્તાવાર ચાર્જ સંભાળી અને પછી તુરત જ ખાસ બેઠક બોલાવવા અંગે નિર્ણય કરશે. ૧૪મી જાન્યુઆરી સુધી ધનારક હોવાથી ૧૫ થી ૨૦ જાન્યુઆરી વચ્ચે સામાન્ય સભા બોલાવી અને સમિતિઓની રચના અંગેની કામગીરી પૂર્ણ કરાશે.

નવ સમિતિઓની રચના કરી સત્તાની સોંપણી અંગેનો નિર્ણય આ બેઠકમાં થશે

પંચાયતમાં નવ સમિતિઓની રચના કરવાની થાય છે. જિલ્લા મોવડીમંડળ દ્વારા આ અંગેની પ્રાથમિક કવાયત હાથ ધરવામાં આવી છે.

જિલ્લા પંચાયતની કેટલીક સમિતિઓના અધિકાર જે સામાન્ય સભાએ લઈ લીધા હતા તે પુનઃ સમિતિઓને સોંપવા અંગેનો પ્રસ્તાવ પણ આ ખાસ બેઠકમાં પસાર કરાશે. સમિતિઓની રચનાને લઈ સભ્યો દ્વારા હાલ બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે.

જિલ્લા પંચાયતની સમિતિઓની રચનાની કામગીરી પૂર્ણ થયા બાદ તુરત જ બજેટ તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. મળતા નિર્દેશો મુજબ આગામી સપ્તાહથી જિલ્લા પંચાયત પુનઃ ધમધમતી થઈ જશે.

દહેગામમાં જુલુસ દરમિયાન ધમાલ થતા વાતાવરણ તંગ

ગાંધીનગર, તા. ૨૪

ઈદ એ મિલાદની ઉજવણી ઠેર ઠેર ચાલી રહી હતી ત્યારે આજે જિલ્લાના દહેગામ વિસ્તારમાં સ્થિત ટેબલા ફળી ખાતે મુસ્લિમ બિરાદરોનું જુલુસ ડી.જે સાથે નીકળ્યું હતું. આ એક જ સ્થળે ડી.જે સ્થળે ડીજે થોડી વધુ મિનિટો સુધી ઊભી રહ્યું ત્યારે રીતેશ પટેલ નામની વ્યક્તિએ ડીજે આગળ ધપાવવા કહેતા જુલુસને વખતે જ મામલો બિચકયો હતો. રીતેશને જુલુસમાં હાજર કેટલાક યુવાનોએ બોલાચાલી થતા માર માર્યો હતો. વિશ્વ હિન્દુ પરીષદ અને બજરંગ દળ દ્વારા આવતીકાલે દહેગામ બંધનું એલાન અપાયું છે.

જેને પગલે કોમી હિંસા શરુ ન થઈ જાય તેની ખાસ તકેદારી માટે સ્થળ પર પોલીસ ખડકી દેવાતા મામલો થાળે પડ્યો હતો. એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવ પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. એલસીબી, એસઓજીની ટીમો ઉપરાંત સ્થાનિક પોલીસ પણ દહેગામમાં ખડકી દેવામાં આવી હતી. દહેગામનું વાતાવરણ તંગ બનતા રાત્રી પોલીસ પોઈન્ટ પણ મુકવામાં આદેશ જારી કરી દેવામાં આવ્યા છે. પોલીસ ફરિયાદ લેવાની કામગીરી મોડી રાત સુધી ચાલી રહી હતી.

ઈદ-એ-મિલાદના જુલુસનું ડી.જે. આગળ લઈ જવાનું કહેતા મામલો બિચક્યો : પોલીસ કાફલો સ્થળ પર તૈનાત : દહેગામ બંધનું એલાન

શહેર કોંગ્રેસ દ્વારા શનિવારે સ્નેહમિલન સમારોહ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગર-પાલિકાની આગામી દિવસોમાં યોજાનાર ચૂંટણીની તૈયારીના ભાગરુપે શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શનિવારે સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડૉ. કૌશિક શાહ એક અખબારી યાદીમાં જણાવે છે કે ગાંધીનગર જિલ્લા-શહેર કોંગ્રેસ સમિતિના ઉપકમે શહેર કોંગ્રેસના કાર્યકરોનો એક સ્નેહમિલન સમારોહ તા.૨૬.૧૨.૨૦૧૫ ને શનિવાર સાંજે ૬.૦૦ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના માનનીય પ્રમુખ ભરતસિંહ સોલંકીનાં અધ્યક્ષ સ્થાને તથા ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના માનનીય નેતા શંકરસિંહ વાઘેલાના મુખ્ય મહેમાન પદે યોજેલ છે. જેમાં પ્રદેશ અને શહેર જિલ્લાના વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહેનાર છે.

શાહે જણાવ્યું હતું કે દિપાવલી પર્વોમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી હોવાથી સ્નેહમિલન સમારોહનું આયોજન પાછળ લઈ જવામાં આવ્યું હતું. હવે ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થઈ ગઈ છે અને તેથી અમે આ સમારોહનું આયોજન કર્યું છે. પક્ષના સંગઠનને વધુ મજબૂત બનાવવાની દિશામાં ચર્ચાઓ થનાર છે.

સ્વાદુપિંડની ગંભીર બિમારીથી પીડાતા ધૃમિલને ગણિતમાં ૧૦૦ ગુણ

સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના ધૃમિલને પરીક્ષામાંથી ડ્રોપ લેવો હતો : ઓપરેશનના ૧૫ દિવસ બાદ જ પરીક્ષા આપી

ગાંધીનગર, તા.૨૪

વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૩ની પરીક્ષામાં સરગાસણ સ્થિત સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના એક વિદ્યાર્થીએ બોર્ડના પરીક્ષાર્થીઓ માટે મિશાલ કાયમ કરી છે. હોંસલાથી ઉડાન ભરવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરું પાડી ધૃમિલ પટેલે વિદ્યાર્થીઓને અડગ આત્મવિશ્વાસ જાળવી રાખવાનો મેસેજ આપ્યો છે. સ્વાદુપિંડની બિમારીથી પીડાતા ધૃમિલે ઓપરેશનના ૧૫ દિવસ બાદ સેમેસ્ટર-૩ની પરીક્ષા આપી હતી તેણે ગણિત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે.

આજના સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં શિક્ષણનું સ્તર કેટેગરીમાં વહેંચાઈ ગયું છે ત્યારે ઉજજવળ પરિણામ મેળવવા પ્રત્યેક વિદ્યાર્થી દોટ લગાવે છે. પરંતુ મહેનત અને આત્મવિશ્વાસથી વિદ્યાર્થીના જીવનની દીશા અને દશા બદલાઈ જાય છે તે વાત સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના વિદ્યાર્થી ધૃમિલ જયેશભઈ પટેલે પુરવાર કરી છે. ધૃમિલને સેમેસ્ટર-૩ની પરીક્ષા પહેલા સ્વાદુપિંડની બિમારી થતા તેનું ઓકટોબરમાં લેવાયેલી પરીક્ષાના ૧૫ દિવસ પહેલા જ ઓપરેશન

● અનુસંધાન પાના - ૫ પર

ટ્યુકડી જાહેર ખબર
માત્ર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SHEHNAI RESTAURANT & BANQUET
Dr's Food
ગુજરાતી થાળી અનલિમિટેડ લંચ રૂ. ૧૭૫/-*
૨ ગુજરાતી શાક, ૧ કઠોળ, ૨ મિઠાઈ, ૨ ફરસાણ, દાળ/કઢી, ભાત, રોટલી, પુરી, છાશ, પાપડ, કચુંબર
ગુજરાતી-પંજાબી મીક્ષ થાળી અનલિમિટેડ ડિનર રૂ. ૨૦૦/-*
૧ ગુજરાતી શાક, ૨ પંજાબી શાક, રોટલી/રોટલો/ભાખરી, ૧ મિઠાઈ, ૨ ફરસાણ, કઢી-ખીચડી/ જીરારાઈસ-દાલ ફ્રાય, પાપડ, છાશ. ડેસર્ટ (વેનીલા આઈસક્રીમ) સીંગલ સર્વ
ગાંધીનગરનું એકમાત્ર પ્રાઈમ લોકેશન બેંકવેટ હોલ....
બેન્કવેટ
દિવસ માટે મિનીમમ પેકસ ૫૦ અને મેકસીમમ ૨૦૦ વ્યકિત.... રૂ. ૨૦૦/-* પ્રતિ વ્યકિત
સાંજ માટે મિનીમમ પેકસ ૫૦ વ્યકિત અને મેકસીમમ ..... રૂ. ૨૫૦/-* પ્રતિ વ્યકિત
પાર્સલ સુવિધા ઉપ્લબ્ધ રહેશે
જાહેરાતનું કટીંગ લઈને આવનારને 10% ડિસ્કાઉન્ટ
* Coupon Valid upto 31st January,2016
* Coupon Shall be shown before ordering.
ગાંધીનગર : ૧ માળ, સુપર મોલ-૨, ઈન્ફોસીટી, ઘ-૦ સર્કલ, ગાંધીનગર. ફોન: ૦૭૯ ૨૩૨૧૩૭૫૦, મો : ૯૯૦૯૯ ૨૧૦૨૨
રાજકોટ : ૮૮૬૬૯૯૧૯૧૯ / ૯૩૭૪૮૧૯૨૩૯
નડીયાદ : ૯૬૩૮૮૮૮૯૩૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com